

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

ગ્રામ્ય દાદ ફરિયાદ યોજના અભરાઈ પર ગંધાય છે,
સંવેદનાની સૂકી નદી પર સોર બંધાય છે,
ચૂંટણી આવે ને યાદ આવે છે મેવા માટે સેવા -
પ્રજા સાથે સ્નેહના તૂટેલા સંબંધ સંધાય છે

### હાઈકુ

ઉપાડો લોટો !
સ્મરો મહાદેવને
આવ્યો શ્રાવણ!
(જેમ ચૂંટણી મતદાર)

મોંઘારતમાં
મતદારો આગળ
જવું કયા મોઢે?
(ચોપડા તપાસશે ધર્મરાજ)

### ચિંતન

**સંસાર વિષવૃક્ષસ્યે દ્વે ફલે હ્મૃતોપમે ।**
**કાવ્યામૃત રસાસ્વાદ આલાપઃ સજનૈઃ સહ ।।**

ઉપરોક્ત શ્લોક જીવનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

આ સંસારરુપી વૃક્ષ આમ તો ઝેરી વૃક્ષ જ છે. પણ એ વૃક્ષશ્રમાં માત્ર બે જ અમૃત ફળ લાગ્યા છે અને એ અમૃત જેવાં જે મધુરા છે એક કાવ્ય રુપી અમૃતનો રસાસ્વાદ અને બીજો સજ્જન જેવા સંત પુરુષોનો સત્સંગ - સમાગમ.

આ સંસારના રીતરિવાજો; સામાજિક સંબંધો - પરિવારની વર્તણૂક, સ્વભાવ, ટેવો-વાણી બધું જ દુઃખદાયક છે. શાસ્ત્રોમાં સંસારને અસાર નહીં ઝેરી વૃક્ષ કહેવામાં આવ્યું છે. આમ છતાં આ વૃક્ષ પર બે મધુરાં ફળ લાગ્યા છે. જે સંસારનો આસ્વાદ માણવા માટે પૂરતા છે. સાહિત્ય એ એક ફળ છે : ટાગોર શરદબાબુ જેવા સાહિત્યકારોની કૃતિનો રસાસ્વાદ જાણે આપણને 'અમૃતપાન' કરાવે છે. વિશ્વમાં જો સાહિત્ય સંગીત ન હોત તો માણસનું જીવન ખરેખર ઝેન સમાન બની જાત. અને બીજું અમૃતફળ સાધુ-સંતો-સજ્જનો સાથે સંવાદ - સંગોષ્ઠિ, સજ્જન સાથેની મૈત્રી સંસારને અમૃતમય બનાવે છે.

### સુવિચાર

- પોતાનો પાડોશી ભૂખે મરી રહ્યો હોય ત્યારે પણ જે માણસ પેટ ભરીને જમે તે મોમીન (મુસ્લિમ) નથી - **મહંમદ પયંગબર**
- અબ ડૂબને કા કયા ખૌભ પ્રભુ! જબ નાવ ભી તેરી, દરિયા ભી તેરા, લહરેં ભી તેરી ઔર હમ ભી તેરે !! - **શ્રી ક્રિષ્ના પ્રિયાજી**
- જીવનમાં જયારે પણ દુઃખો આવે ત્યારે 'હાય, હાય' ન કરતા... 'હોય... હોય' કરજો - **અમૃતબિંદુ**
- અનુભવ વગર શબ્દનું જ્ઞાન આંધળું છે. શબ્દના જ્ઞાનમાં અનુભવ મળે ત્યારે સોનામાં સુગંધ ભળે છે - **જીવનપાથેય**
- જેના હૃદયમાં સૌનું હિત હોય તેના પર પ્રકૃતિ સાનકૂળ થશે - **રાજયશસૂરિશ્વરજી**
- વનડે ક્રિકેટ મેચમાં ઓવર્સ કેટલી બાકી અને રન કેટલા બાકી એ અંગે ભારે ચિંતાપૂર્વક ટીવી જોનારો પોતાનું જીવન કેટલું બાકી છે એ અંગે સાવ લાપરવાહ જણાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : પાંચ ગ્રામ શંખજીરી અઢીગ્રામ સાકર સાથે દહીમાં મિક્સ કરી ખાવાથી મરડામાં તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સેંટ સ્ટીફન્સ કૉલેજના આચાર્ય પદ માટે બે વ્યક્તિઓએ ઉમેદવારી નોંધાવી હતી. એક હતા દીનબંધુ એન્ડ્રુઝ અને બીજા હતા પ્રોફેસર સુશીલકુમાર રુદ્ર. બંને મહાનુભાવો ને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા હતા. દીનબંધુ પહેલેથી જ પ્રોફેશર રુદ્રથી પ્રભાવિત હતા. લાહોરથી પસંદગી સમિતિના પ્રમુખ અંગ્રેજ અધિકારી લેફ્રોય આવ્યા હતા. તેમણે એન્ડ્રુઝને કહ્યું, 'તમારી વરણી નક્કી છે. પ્રોફેસર રુદ્રને અમે પ્રિન્સિપાલ તરીકે સ્વીકારી શકીએ તેમ નથી, કારણ કે કોઈ ભારતીયને અમે આ સ્થાન આપીએ તો એ કૉલેજના અધ્યાપકોમાં સન્માન પામે નહીં અને વિદ્યાર્થીઓમાં શિસ્ત જાળવી શકે નહીં.' લેફ્રોયના શબ્દો સાંભળી એન્ડ્રુઝે કહ્યું, 'સર, યોગ્યતાની પરીક્ષામાં ભારતીય અને વિદેશી એવો ભેદ હોઈ શકે ખરો? હું પ્રોફેસર રુદ્રને સારી રીતે જાણું છું અને તેઓ ઉત્તમ પ્રિન્સિપાલ થવાની સઘળી યોગ્યતા ધરાવે છે.' લેફ્રોયે કહ્યું, 'મહાશય, એમને વિશે પછી વિચારીશું, પહેલાં તમે અમે તૈયાર કરેલો આ એપોઈન્ટમેન્ટ લેટર સ્વીકારો.' દીનબંધુએ કહ્યું, 'જો આપનો આવો આગ્રહ હોય તો હું તમને કહી દઉં છું કે તમે આપેલી નિમણૂંકનો અસ્વીકાર કરું છું. મારા પદ પરથી રાજીનામું આપું છું અને સાથે સાથે આપને કહું છું કે આવી જવાબદારીભરી સમિતિમાં પ્રમુખ તરીકે તમે વ્યકતિની પસંદગી કરો, ત્યારે તમારે ન્યાયદષ્ટિથી તટસ્થ નિર્ણય આપવો જોઈએ. રંગભેદની દષ્ટિએ પક્ષપાતપૂર્ણ નિર્ણય નહીં.' આખરે સેન્ટ સ્ટીફન્સ કૉલેજના આચાર્ય તરીકે પ્રોફેસર રુદ્રની પસંદગી કરવામાં આવી.

# સોનેરી દિવસોની એંધાણી

### તંત્રીસ્થાનેથી...

દોડવીર મિલ્ખાંસિંહની વિદાય પછી ભારત રમત ક્ષેત્રે ગરીબડું બની ગયું હતું. પરંતુ કાદવમાંથી કમળ ઊગે એમ એ જ પંજાબ-હરિયાણાની વીરપ્રસૂતા ભૂમિએ ઓલિમ્પિક ખેલોમાં એની લાજ રાખી છે. છેલ્લે છેલ્લે એથ્લેટિક્સ રમતોમાં સુવર્ણચંદ્રક મેળવીને પાણીપતની ધરતીના છોરુંએ પાણી બતાવી દીધું જેનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લી દેશના અદના નાગરિકને ગૌરવ લેવાનું મન થાય તે સ્વાભાવિક છે. ગોલ્ડ મેડલ એ ભારતીય ખેલાડીઓ માટે એક સપનું જ બની રહે એવી સ્થિતિ સરજાઈ રહી હતી ત્યારે નીરજ ચોપરા નામના ત્રેવીસ વર્ષના જવાને ભાલા ફેંકમાં નવો વિક્રમ સ્થાપી ભારતને સોનેરી દિવસો દૂર નથી - એવી એંધાણી આપી દીધી છે. બજરંગને ઈજા થયેલી હોવા છતાં કુસ્તીમાં એણે કાંસ્યપદક તો મેળવ્યો જ. એ પણ હરિયાણાનો જ વતની છે. પાણીપત અને સોનીપત દિલ્હીથી ચંડીગઢ જતા હાઈવે પર આવનારાં ઐતિહાસિક નગરો છે. ભારતના ઈતિહાસમાં પાણીપતનાં યુદ્ધો વિશેષ સ્થાન ધરાવે છે. દારૂડિયા દેશી સૈન્યને બાબરના મુઠ્ઠીભર સૈનિકોએ પરાજિત કરી દીધું હતું અને દેશમાં એ રીતે મોગલયુગનાં મંડાણ થયાં હતાં, પાનીપતની સરજમીન પર! નીરજ ચોપરા એથલીટ કેવી રીતે બની ગયો એની પણ રસપ્રદ કહાની છે. એ મલાઈદાર દૂધ અને ચૂરમું ખાઈ ખાઈને જાડિયોપાડિયો બની ગયો હતો એટલે વજન ઉતારવા જિમમાં જવા લાગ્યો હતો. વજન ઉતારતાં ઉતારતાં એક દિવસ એને ભાલો ફેંકવાની તક સાંપડી. એણે પહેલાં જ પ્રયાસમાં ભાલો એવી રીતે ફેંક્યો કે ત્યાંના તજજ્ઞ ખેલાડીઓને એ 'નેચરલ' લાગેલું. એ પછી એણે પાછું વળીને જોયું નથી. આર્મીના સુબેદાર તરીકે નોકરી કરતાં કરતાં એણે ભાલા ફેંકવાની પ્રેક્ટિસ ચાલુ રાખી અને સળંગ ત્રણ ત્રણ વાર ગોલ્ડ મેડલ જીતી લાવ્યો. ઓલમ્પિકમાં જીતેલ ગોલ્ડ મેડલ ભારત માટે મેણું ભાંગનારો સાબિત થયો છે. ૧૨૧ વર્ષ પછી ભારતનું સપનું ફળ્યું છે! જો કે એક ગોલ્ડ મેળવીને રાજીના રેડ થઈ ગયેલા દેશ સામે ટોકિયો ઓલિમ્પિકની મેડલ યાદી પણ જોવા જેવી છે. ચીન ૩૮ ગોલ્ડ, ૩૧ સિલ્વર, ૩૩ બ્રોન્ઝ સાથે સંખ્યાની રૂએ સૌથી વધુ મેડલ મેળવવા છતાં બીજા નંબરે છે. જાપાન ત્રીજા નંબરે છે. ભારત તો અનેક દેશો કરતાં પાછળ ખૂણે લપાઈને બેઠું છે. પણ ગરીબનાં છોકરાં ઢોકળે રાજી એ કહેવત મુજબ સમ ખાવા પૂરતો એક ગોલ્ડ મળતાં આપણે ઉજવણીના મૂડમાં આવી ગયા છીએ. વડાપ્રધાન પેગાસસ મામલાની પળોજણ વીસરીને તથા ખેડૂતોના આંદોલનને નજર અંદાજ કરીને હૉકીમાં થોડા માટે મેડલ ચૂકી ગયેલી બાલિકાઓને બિરદાવે છે. તમે રડશો નહીં, દેશને તમારા પર ગર્વ છે - એવું એક પિતાને શોભે એ બરનું આશ્વાસન આપે છે. ચાનુથી લઈ બજરંગ, અદિતિ અને નીરજ સુધીના તમામ ખેલાડીઓ સાથે વડાપ્રધાને પર્સનલ વાતચીત કરી છે. હરિયાણાના મુખ્યમંત્રી પરમાનંદ ખટ્ટર માટે તો એમના પ્રદેશના ખેલાડીઓનાં પરાક્રમ સ્વાભાવિક રીતે જ પરમ આનંદનો વિષય છે. એમણે રાજયની તિજોરી ખેલાડીઓ આગળ ખુલ્લી મૂકી દીધી છે. કોઈએ છ કરોડ, કોઈએ ચાર કરોડ અને બ્રોન્ઝવાળાને પણ અઢી કરોડની મતબર રકમ ઉપરાંત સરકારી નોકરી! નીરજ ચોપડા માટે રાજસ્થાન રાઈફલ્સનું એનું આર્મી યુનિટ તો ગૌરવ અનુભવે જ; ખટ્ટર સાહેબ એને કલાસ-વન અધિકારી બનાવીને લશ્કરી વરદી ઉતરાવશે ત્યારે જંપશે. સારું છે; ખેલાડીઓની કદર થવી જોઈએ. પણ આવી ધનવર્ષા ગરીબ વર્ગોમાં પાંગરતી પ્રતિભાઓને શરૂથી જ તાલીમ આપવા માટે યોજાતી હોત તો કદાચ કેટલાય ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી શકયા હોત. નીરજને તો ખુદ પાંચમા નંબરે રહેલા પાકિસ્તાની પ્રતિસ્પર્ધીએ એનો રોલમોડલ ગણાવ્યો છે. આવા અનેક નીરજ તાલીમ અને સુવિધાઓના અભાવે ભારતના અંતરિયાળ વિસ્તારોમ રઝળે છે. સરકાર એમની શોધ ચલાવવી જોઈએ. સિદ્ધિ મેળવનારને ઈનામ-અકરમ, ગાડી અને નોકરી આપવી એ એ વખાણવાલાયક બાબત જ છે; પણ એ સિદ્ધિ સુધી પહોંચવાની મથામણ કરી રહેલા ગરીબ ખેલાડીઓને શોધી શોધીને શરૂથી જ આર્થિક સહાય આપવામાં આવે તો ભારત પણ એના મહાન દુશ્મન પાડોશી રાષ્ટ્રની સરખામણી કરી શકે એમ નથી લાગતું ? એવું તે શું છે ચીન - અમેરિકા - જાપાનનાં જુવાનિયાઓમાં જેની સ્પર્ધા ભારતની જુવાની ન કરી શકે? સોનેરી રંગે રંગાઈને આંગણે આવનાર દીકરાને મા તો એને ભાવતું ચૂરમું ખવડાવવાની છે પણ પૂર્વ ખેલમંત્રી કિરણ રિજીજુએ રાષ્ટ્રપિતા ગાંધીજીની આમન્યા લોપીને શેમ્પેનની છોળો ઉડાડી નીરજ ચોપડાના વિજયને વધાવ્યો છે. ગાંધીવાદીઓને જ નહીં કદાચ મોદીવાદીઓને પણ આવો વધુ પડતો ઉત્સાહ ખટકશે. પરંતુ ઊભરતી ખેલ-પેઢીને થાબડવી તો પડશે જ, ભલે એ માટે શેમ્પેનની બાટલી ના ફોડીએ!

# વિધર્મી યુગલ સ્વેચ્છાએ લગ્ન કરે તો ધર્માંતરણ ના લાગે

## ભારતીય બંધારણની કલમ-૨૧ ના ભંગ સમાન કાયદો

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કોઈપણ પુખ્ત વયના યુગલ જો તે વિધર્મી હોય તો પણ બળજબરી પૂર્વક કે ધાક-ધમકી કે લોભલાલચમાં મુકાયા સિવાય લગ્ન કરે તો ધર્મ પરિવર્તન મુજબના ગુનાની વ્યાખ્યામાં મૂકી શકાય નહી. લવ જેહાદ ગુજરાત ફ્રિડમ ઓફ રિલીજીયન એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૨૧ ની કાયદેસરતા અને બંધારણીયતાને પડકારતી એક પીટીશન નામ. ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જસ્ટીસશ્રીની કોર્ટમાં દાખલ થતા નામ. ગુજરાત હાઈકોર્ટે સરકારને વેધક સવાલો પૂછી વિચારતા કરી દીધા છે. બે જુદા જુદા ધર્મના પુખ્ત ઉંમરના યુગલ લગ્ન ગ્રંથિથી સ્વેચ્છાએ જોડાય તો તેને ધર્મ પરિવર્તન તથા લવ જેહાદ ના ગુનામાં ફીટ કરી શકાય નહિ. વ્યક્તિને કોની સાથે લગ્ન કરવા એ સ્વૈચ્છિક સ્વતંત્રનો હક્ક અધિકાર છે. તે તેની ઈચ્છા મુજબ અન્ય વિધર્મી સાથે લગ્ન કરે તો અને ગુનો ગણવો જોઈએ નહિ. જો બળજબરી કે ધાક ધમકી કે લોભલાલચમાં મુકીને વિધર્મી સામે લગ્ન થાય તો જ લવ જેહાદ કે ધર્મ પરિવર્તનનો કાયદો લાગૂ પાડી શકાય. લવ જેહાદ અંતર્ગત ગુજરાત ધર્મ સ્વાતંત્ર્યના કાયદામાં સુધારા સાથે એવી જોગવાઈ કરવામાં આવી છે કે માત્ર ધર્મ પરિવર્તનના હેતુથી કરાયેલા લગ્ન ફેમીલી કોર્ટ અથવા અન્ય સંબંધિત ન્યાયક્ષેત્ર ધરાવતી કોર્ટ દ્વારા રદ કરવામાં આવશે. કોઈપણ વ્યક્તિ છળકપટ કે બળજબરીથી અથવા તો કોઈપણ પ્રકારના લોભલાલચ આપીને લગ્ન કરાવીને ધર્મ પરિવર્તન કરાવી શકશે નહી. આ કાયદા હેઠળનો ગુનો બને તો દોષીને ચાર થી સાત વર્ષ ની કેદ ઉપરાંત ત્રણ લાદ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કાયદામાં કરેલ છે. લગ્ન કરાવનાર સંસ્થા કે સંગઠન ઉપર પણ કાયદેસરની કાર્યવાહી કરી સંચાલક સામે ગુનો નોંધી મદરેસા હોય તો સરકારી ગ્રાન્ટ બંધ કરવામાં આવશે તથા ૧૦ વર્ષની સજા તથા પાંચ લાખ નો દંડ સુધીની કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે. અન્ય ધર્મની મહિલા બળજબરીથી ધર્મ પરિવર્તન કરશે તો ગુનો ગણવામાં આવશે. આવા કેસમાં મહિલા સામે લોહિના સંબંધ ધરાવતી કોઈપણ વ્યક્તિ ફરીયાદી બનીને ફરીયાદ કરી શકશે. લવ જેહાદના કાયદને પડકારતી પીટીશનમાં સરકારને પક્ષકાર બનાવતા નામ. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ જનરલને નોટીસ પાઠવી જવાબ મંગેવેલ છે. પ્રસ્તુત કાયદામાં બે પુખ્ત ઉંમરની વ્યક્તિએ સ્વેચ્છાએ કરેલ લગ્નને ગુનાની વ્યાખ્યામાં કેવી રીતે મુકી શકાય? બે જુદા જુદા ધર્મના લોકો લગ્ન્ કરે તો જેલમાં પૂર્યા બાદ તપાસ કરાશે કે લગ્ન કાયદેસર છે કે ગેરકાયદેસર યુગલે જેલમાં ગયા પછી સાબિત કરવાનું કે લગ્ન એ લોભ, લાલચ કે બળજબરી પૂર્વક કરેલ નથી. જ્યાં સુધી ધર્મ પરિવર્તન નહિ થાય ત્યાં સુધી લગ્ન નહિ કરાય તેવી રીતે કરેલ ધર્મ પરિવર્તન માત્ર લગ્ન ના બદઈરાદા થી જ કરેલ હોય તો તેને ધર્મ પરિવર્તન અગર લવ જેહાદ નો ગુનો લાગુ પાડી શકાય અન્યથા નહિ. બે પુખ્ત વયનાં લોકો લગ્ન કર્યા બાદ નક્કી કરશે કે તેણે કયા ધર્મ પાળવો. કાયદામાં કરેલ સુધારા તદ્દન ગેરકાયદેસરના અરજદારન વકીલે ગણાવી જણાવ્યું હતું કે, આ કાયદાની બંધારણની કલમ-૨૧ ના ભંગ સમાન છે. લગ્નએ દરેક વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે. તેને ધર્માંતરણના કાયદા મુજબ ગુનાની વ્યાખ્યામાં લઈ શકાય નહિ. પુરતી તપાસ બાદ પૂરતા પુરાવા ધ્યાને લીધા બાદ જ એફ.આઈ.આર. કરવી જોઈએ. માત્ર યુવતીના સગા-સંબંધીની હકિકત ધ્યાન લઈ એફ.આઈ.આર. કરી શકાય નહિ. નિજતા એ મૂળભૂત અધિકારનો ભંગ કર્યો હોય, બળજબરી કે લોભ-લાલચમાં માત્ર લગ્નના બદઈરાદે જ ધર્મ પરિવર્તન કરવામાં આવ્યુ હોય તો તે ચોક્કસથી ગુનો બને છે. તેનાં માટે દોષિતોને સજા થવી જોઈએ, પરંતુ નિર્દોષ યુગલે સ્વૈચ્છિક ધર્મ પરિવર્તન થી કરેલા લગ્ન રદબાતલ કરવા એ ગેરબંધારણીય છે. ગુજરાત ફ્રીડમ ઓફ રિલિજીયન એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૨૧ ની કાયદેસરતાને પડકારતી પીટીશનમા ભારતીય બંધારણની કલમ-૨૧ ના મૂળભૂત અધિકારોના ભંગની હકિકત સામે આવેલ છે. આથી લવ જેહાદ ના નામે થતી એફ.આઈ.આર. માં પ્રાથમિક તપાસમાં તથ્ય સામે આવ્યા બાદ રદબાતલ કરવા જોઈએ. તેવી માંગ ઉઠવા પામી છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# માનસિક પરિવર્તન એ આજની સૌથી મોટી પાયાની જરૂરિયાત છે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

**જાત બાળીને હવે તો ઘોર આ અંધકારમાં;**
**જાત અજવાળ્યા વિનાનું એમ કૈં ચાલે ખરું?**
**આમ પામ્યા હો ભલેને જિંદગીમાં તો ઘણું;**
**પણ પરમ પામ્યા વિનાનું એમ કૈં ચાલે ખરું ?**

**- ડો. મુકેશ જોષી**

આજે વિશ્વભરમાં કોરોના નામની બિહામણી મહામારીને ભૂલી ઓલિમ્પિક રમતગમતની ચર્ચા ચાલી રહી છે ! ભારત દેશ પણ હવે વૈશ્વિક ફલક પર પોતાનો તિરંગો લહેરાવી રહ્યો છે જે આનંદની તેમજ ગર્વની બાબત છે. દેશ બદલાઈ રહ્યો છે, લોકોની માનિસકતામાં ધીમે ધીમે બદલાવ આવી રહ્યો છે. માત્ર ૧% જેટલા લોકો ઓલિમ્પિક્સ જેવી રમતમાં ડંકો વગાડી શકશે એમ જાણવા છતાં હવે એ દિશામાં પ્રયત્ન કરવા દેવા માટે પ્રોત્સાહિત કરવાનો એક નવો ટ્રેન્ડ હવે ચોક્કસપણે અસ્તિત્વમાં આવ્યો છે.

માનવ-માનસ હજુ એવું ને એવું જ ભૂતકાળના બંધનથી જકડાયેલું છે. માનસિક પરિવર્તન એ આજની સૌથી મોટી પાયાની જરૂરિયાત છે. સમાજ માનવતાનિષ્ઠ બને એવું પરિવર્તન લાવવાની જરૂર છે. જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં જનશિક્ષણ, જનજાગરણ દ્વારા સંસ્કારના સિંચનનું આંદોલન ચલાવવું એ જ તરણોપાય છે.

સફળ થવું, સુખી થવું, ખુશ રહેવું આ તમામ બાબતો જરૂરી છે પણ એ દિશામાં આગળ વધતા પહેલાં આપણે ખરેખર જવું ક્યાં છે અને કેટલે પહોંચીને થોભવું તેમ જ કયાં અટકવું એ સમજવું ખૂબ આવશ્યક છે !

આપણી દોડવાની ગતિ વધારીએ તે પહેલાં બે ઘડી શાંતિથી વિચારશું ખરાં કે આપણે જવું છે ક્યાં ? આજે આટલા બધા લોકો વધુ ને વધુ બેચેન




અને અશાંત થતા જાય છે. તેમને ખબર નથી કે તેઓ ક્યાં જવા માંગે છે, પણ તેમણે કયાંક જવું છે : જીવન ત્યાં વધુ સારું હશે, અહીં તે સંતોષકારક નથી. આપણો આખોયે સમાજ બેચેન છે, અસ્વસ્થ છે, અસંતુષ્ટ છે; બીજે કયાંક જવા, બીજું કશુંક મેળવવા ઝંખે છે. તેથી આ બધી દોડધામ છે.

નકામી ને ભંગાર ચીજવસ્તુઓનાં ઉત્પાદન, જાહેરાત અને ખરીદ-વેચાણ પાછળ આજે કેટલાં બધાં સમય, શક્તિ અને નાણાં વેડફાઈ રહ્યાં છે! આ નરી મૂઢતા છે; કેમ કે જેઓ વધુ પૈસા મેળવવા પોતાના ઘરાકને છેતરે છે, તેઓ એ વાત ભૂલી જાય છે કે તેઓ પોતે જયારે ઘરાક બનીને કશુંક લેવા નીકળશે ત્યારે તેઓ પણ છેતરવાના જ છે. આ તો એક ઝેરી કૂંડાળું છે.

ખરેખર તો, મોટા બાગના લોકો કાંઈક માનસિક શાંતિ ઈચ્છે છે. એમને એવો સમાજ જોઈએ છે કે જેમાં પોતાના કુટુંબના ભાવિ વિશે ચિંતા ને ભય ન રહે. તેઓ સતત દોડ્યે જ રાખવા માગતા નથી, પણ ઠરીઠામ થવા ઈચ્છે છે. ભાવો, પગારો, અકરાંતિયો ઉપભોગ વગેરેના ચકરાવામાંથી છૂટવા મળે, તો એ સુખ પામશે. એમને ઝંખના છે થોડુંક વિચારવાની, કંઈક મનની શાંતિ માણવાની. અને એ બધી ચીજોના કાંઈ પૈસા નથી પડતા, તે મેળવવા માટે ઓવરટાઈમનો ઢસરડો નથી કરવો પડતો.

પરંતુ આવી બાબતોનો પ્રચાર કરવાની કોઈનો નફો વધતો નથી, એટલે પછી લોકોને એ વિશેની કેળવણી કોઈ આપતું નથી.

એક વિકરાળ પ્રશ્ન આપણી સામે ડાચાં ફાડીને ઊભો છે : લોકો આ તે કંઈ જાતનું જીવન જીવે છે ? ગુનાઓનું પ્રમાણ કેમ વધતું જ જાય છે ? સમાજમાં આટલી બધી હિંસા ને વિધ્વંસકતા, હતાશા ને સાશંકતા કેમ છે? કોઈ સામૂહિક હેતુ કે ધ્યેય વિશેની પ્રતીતિ કેમ નથી ? સમાજ પ્રત્યે આત્મીયતાની ભાવના કેમ કયાંય દેખાતી નથી ?

- જે. બી. પ્રિસ્ટલી

**Last Seen :**

**અહમની ઈંટ વાતી'તી ! ઉગીને ઓરડો**
**થઈ ગઈ !**
**જરા ચાખી ન ચાખી ત્યાં સફળતા તો**
**નશો થઈ ગઈ !**
**ઘણી ધનવાન ફાટેલ આંખ સામે આ**
**થયો જાદુ!**
**બન્યો સંતોષ ઓશીકું ને શાંતિ ખાટલો થઈ ગઈ !**
**- ડો. મનોજ જોશી 'મન'**

**(જામનગર)**
- nehalgadhavi101@gmail.com

# ઓટો રીક્ષા ચાલક પંકજભાઈ મકવાણાની આ વાત જો ગુજરાતના લાખો માતા-પિતા સમજે તો?

નવી સવાર
રમેશ તન્ના

૨૦૨૧માં ગુજરાતના મહાનગર અમદાવાદ શહેરમાં અંદાજે ૮૨,૫૩,૦૦૦ લોકો વસે છે. એમાં અનેક વ્યક્તિ અનોખી હશે.

આજે તમને પંકજભાઈ મકવાણા નામના એક અનોખા ઓટો રીક્ષા ચાલકનો પરિચય કરાવું. તેમની ઘણી બધી વિશેષતાઓ છે. ૧૮ વર્ષથી તેમણે ઘરની બહારનું કશું જ ખાધું નથી. એક પણ પ્રકારનો નાસ્તો નહીં. ચા કે દૂધ પણ નહીં. ઘરનું ખાવાનું એટલે ઘરનું જખાવાનું. દરરોજ ઘરેથી સવારે દૂધનો એક કપ પીને નીકળવાનું તે રાત્રે ઘરે




જઈને સ્નાન કરીને, દીવા-બત્તી કરીને જમવાનું. ૩૭ વર્ષના પંકજભાઈનો રાતનો ખોરાક કેટલો છે ? બે રોટલી, શાક અને થોડા ભાત. આખો દિવસ જમ્યા ના હોય એટલે સાંજે જમવા ઉપર તૂટી પડવાનું એવું પણ નહીં.

હમણાં બે-ત્રણ વર્ષથી તેમને નિયમિત વર્ધી આપતા શ્રી બંકિમભાઈ મહેતા (સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ફેઈમ)ના આગ્રહથી તેમણે સવારે દૂધ સાથે એક રોટલી ખાવાનું શરૃ કર્યું છે. (ઘણા લોકો બીજાને પીતા કરે, બંકિમભાઈ ખાતા કરે છે ! )

અમદાવાદમાં વિખ્યાત નાસ્તાઓની સહેજે કમી નથી. ગલીએ-ગલીએ ફેમસ વ્યંજનો મળે છે, પણ પંકજભાઈને ક્યારેય કશું જ ખાવાનો વિચાર આવ્યો નથી. તેઓ માને છે કે આરોગ્ય સાચવવું હોય તો બહારનું ખાવાનું ટાળવું જોઈએ. (જાણીતા તસવીરકાર ઝવેરીલાલ મહેતા પણ ક્યારેય બહારનું કશું ખાતા નથી.)

બંકિમભાઈ પોતે ખાવાના શોખીન. તેમના કે તેમના મિત્રો માટે પંકજભાઈ દોડીને ગરમ ગરમ નાસ્તો લાવી આપે, ચા કે કોફી લાવી આપે, પણ પોતે તેનાથી સાવ જ અલિપ્ત રહે.

પંકજભાઈની બીજી એક સરસ વાત કહું. તેમને પૈસાનું ખાસ વળગણ નહીં. બંકિમભાઈ તેમને આખો દિવસ પોતાની સાથે રાખે. મીટર ભાડા ઉપરાંત જે વધારાની રકમ બંકિમભાઈ આપે તે તેઓ પ્રેમથી, ચૂપચાપ લઈ લે. આટલા આપો જ, તેવી કોઈ માગણી નહીં. જીવન માટે પૈસા છે, પણ પૈસા માટે જીવન નથી એવી સ્પષ્ટ સમજણ પંકજભાઈમાં છે. પંકજભાઈના પિતાનું નામ દેવજીભાઈ અને માતાનું નામ સમુબહેન. બન્ને સહજ પ્રકૃતિનાં. દેવજીભાઈ મિલમાં નોકરી કરતા હતા. માતા-પિતાના નિર્લેપતાના ગુણ કદાચ પંકજભાઈમાં ઉતર્યા છે. હવે પંકજભાઈની ત્રીજી અનોખી વાત કહું. આ વાત ગુજરાત માટે ખૂબ જ મહત્ત્વની છે. પંકજભાઈનાં જીવનસાથી છે ભારતીબહેન. તેમની ૧૫ વર્ષની દીકરી ઝીલ દસમા ધોરણમાં ભણે છે. છ વર્ષનો દીકરો બીજા ધોરણમાં ભણે છે. બન્ને ગુજરાતી માધ્યમમાં જ ભણે છે.

તમે તમારાં બન્ને સંતાનોને શા માટે અંગ્રેજી મીડિયમમાં ના ભણાવ્યાં ? એવા પ્રશ્નનો પંકજભાઈનો ઉત્તર સમગ્ર ગુજરાતનાં લાખો માતા-પિતાએ સાંભળવા જેવો છે. પંકજભાઈ કહે છે, ' આપણા ઘરમાં જે ભાષાનું વર્ચશ્વ (તેઓ કદાચ વાતાવરણ શબ્દ કહેવા માગે છે.) હોય તે ભાષામાં જ બાળકોને ભણાવવાં જોઈએ. જો બાળકોને આપણે ઈંગ્લિશ મીડિયમમાં ભણાવીએ તો તેને ઘરમાં આપણે કેવી રીતે સમજાવી શકીએ ? આપણને તો અંગ્રેજી આવડતું ના હોય. બાળકો અંગ્રેજીમાં ભણે ખરાં, પણ તેમને બધુ બાઉન્સ જાય. ઘરમાં જે ભાષા બોલાતી હોય એ જ ભાષામાં બાળકોને ભણાવીએ તો બાળક ખેતરના મોલની જેમ ખીલે. બીજી ભાષાનું દબાણ એવું હોય છે કે બાળક એકદમ દબાઈ જાય. તમે ટ્યુશન રખાવો તોય ખાસ ફેર ના પડે. વળી, પાંચમા ધોરણથી અંગ્રેજી ભાષા તો તેને ભણવાની આવે જ છે ને ? છોકરું માતૃભાષામાં ભણેલું હોય એટલે અંગ્રેજી ઝટ શીખી જાય. '

પંકજભાઈ માને છે કે જે ગુજરાતી માતા-પિતાઓ પોતાનાં બાળકોને ગુજરાતીને બદલે બીજા માધ્યમમાં ભણાવે છે તે લોકો ગંભીર ભૂલ કરી રહ્યાં છે. એમ કરવાથી બાળકો આપણી પરંપરાઓ, આપણા રીત-રિવાજો, આપણી સંસ્કૃતિથી પણ છેટાં જઈ રહ્યાં છે. આવાં બાળકો પોતાના માતા-પિતા અને ઘરથી પણ દૂર જતાં રહે છે તેવું પંકજભાઈનું માનવું છું.

પંકજભાઈને અમે પૂછ્યું કે આપનાં પત્ની ભારતીબહેને બાળકોને ગુજરાતી માધ્યમમાં ભણાવવા સામે વિરોધ ના કર્યો ? પંકજભાઈ જવાબ આપે છે, ના, સહેજે વિરોધ ના કર્યો, ઉપરથી ટેકો આપ્યો. (અમે અંગતપણે માનીએ છીએ કે જો ગુજરાતને ભારતીબહેન જેવી માતાઓ મળે તો અંગ્રેજી માધ્યમની ૫૦ ટકા સ્કૂલો બંધ થઈ જાય.)

તો આ છે, અમદાવાદના એસ.ટી. બસ સ્ટેશન, ગીતા મંદિરથી નજીક આવેલા મજૂર ગામમાં રહેતા શ્રી પંકજભાઈ મકવાણાના ઉમદા વિચારો અને ઉમદા જીવન.

અંગ્રેજી ભાષા એ વિશ્વ ભાષા છે. આખી દુનિયામાં તેના ડંકા વાગે છે. જો આજના સમયકાળમાં પ્રગતિ કરીને જીવન જીવવું હોય તો ચોક્કસ અંગ્રેજી ભાષા સ્વીકારવી પડે. ખોટા આદર્શવાદને વળગી ના રહેવાય. જો અંગ્રેજી ભાષાનો વિરોધ કરીએ તો મૂરખા જ ઠરીએ, પણ સાથે સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે, જો માતૃભાષાના ભોગે અંગ્રેજી ભાષાનો સ્વીકાર કરીએ તો મહામૂરખ બનીએ. એવું થઈ જ રહ્યું છે. આપણે ભલે સ્માર્ટ ફોન વાપરીએ છીએ, પરંતુ મૂરખના સરદાર બની રહ્યા છીએ. સગી મા જેવી માતૃભાષાને છોડીને આપણે આપણા જ પગ પર કુહાડો મારી રહ્યા છીએ. જે ડાળી પર આપણે બેઠા છીએ એ ડાળીને કાપી રહ્યા છીએ. માતૃભાષા આપણને જીવનનો અર્થ આપે છે અને આપણે એની અરથી તૈયાર કરી રહ્યા છીએ. અંગ્રેજી ભાષાને પાંખો બનાવીએ, પરંતુ આપણી આંખો તો માતૃભાષા ગુજરાતી જ રહેવી જોઈએ. અંગ્રેજી ભાષાને ચશ્માં બનાવી શકાય, પરંતુ દૃષ્ટિ ના બનાવી શકાય.

મોર્ડન માતાઓ પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવીને માતૃભાષાને અન્યાય કરી રહી છે. એક માતા સંતાન પાસેથી બીજી માતા છીનવી લે એ કેવી કરુણતાની વાત છે ! મોર્ડન માતાઓએ સમજવું પડશે કે તમે ખોટનો ધંધો કરી રહ્યા છો. તમે મહાભૂલ કરી રહ્યા છો. તમારા સંતાનને વટથી, પ્રેમથી, બહાદુરીથી, નૈતિક તાકાતથી, સહેજ પણ ડર્યા વિના, કોઈ પણ પ્રકારની બીક રાખ્યા વિના માતૃભાષા ગુજરાતીના ખોળામાં મૂકી દો. એ પછી એને યોગ્ય સમયે અંગ્રેજી પણ શીખવાડો. અરે, વિશ્વની બીજી પણ ભાષાઓ શીખવાડો. એની કોઈ ના નથી. બાળકની શક્તિઓ અમર્યાદિત હોય છે. જો માતૃભાષા ગુજરાતીનો પાયો મજબૂત હશે તો એ પાયા પર તમારે જેટલી મોટી અને ભવ્ય ઈમારત ચણવી હશે એટલી ચણી જ શકશો.

શ્રી પંકજભાઈ મકવાણાનો સંપર્ક નંબર ૮૭૩૪૯૭૦૦૨૮ છે. શ્રી બંકિમભાઈ મહેતાનો સંપર્ક નંબર ૯૮૨૫૯ ૪૫૫૬૮ છે.

**છાંયડોઃ**

**આ વિશ્વમાં જન્મતા દરેક બાળકને માતૃભાષા ગુજરાતીમાં ભણવાનો અબાધિત અધિકાર છે અને એ અધિકાર છીનવી લેવો એ મોટામાં મોટું પાપ છે.**